ધર્મસા[illegible]જગબાર

ભક્તિજ્ઞાન જંગસમાજ.

સર્વ હિંદુસ્તાનના હિંદુ ધર્મના હિંદુ
લોકો વીગેરેના હીત સારૂ

છપાવી પ્રગટ કરનાર
મોતીલાલ કાળીદાસ,
રાજનગર.

અમદાવાદ
દીલ્હી દરવાજે માળીવાડાની પોળ
સામે "વીશ્વેશ્વર" પ્રેસમાં
ગીરધરલાલ રણછોડલાલે છાપી.

સંવત ૧૯૪૯ સને ૧૮૯૨ માગસર શુદ ૧૧
કીમત ૧ આનો.

51519

॥श्री॥

શ્રી ગુરૂપરમાત્માનમા.

ઉત્તમ ગોવિંદ કે જે સઘળા વેદાંતોના સિધાંતોના વિષયરૂપ છે, ને પરમ આનંદ રૂપ છે; અને વાણી તથા મન આદીથી જાણી શકાતા તથી તેમને હું પ્રણામ કરૂં છું.

પ્રાણીઓમાં માણુસનો જન્મ મળવો દુર્લભ છે, તેમાં પૂરૂષપણુ મળવું દુર્લભ છે, ને તેમાં બ્રાહ્મણ પણું તે વળી દુર્લભ છે, તેમ છતાં વેદોક્ત ધર્મના માર્ગમાં તતબર રહેવું તે દુર્લભ છે; વળી સતધર્મની રીતીથી જ્ઞાન સંપાદન કરવું તે દુર્લભ છે; ને જ્ઞાન થઓ પછી પણ નિશકેવળ આત્મામાં સ્થિતી કરી નિરમળતાને પ્રેમ, પવિત્રતાથી ભક્તિભાવ વડે ઇશ્વરને ઓળખવા તે પણ દુર્લભ છે; ને દેહને સનસારમાં વારમવાર જન્મ મર્ણની આંચ કે જેમાં ત્રિવિધી તાપને માયાના ધકાને પ્રાણને ભુખને ત્રશારૂપી દુઃખની વેદનાની દુબધા; તથા મનને હર્ષ સોકના દુઃખ સુખાદી ત્રશ્ના રૂપી પ્રવાહાના સંકલપ વિકલપ મટાડી, પુનરપી જન્મ મરણનો ફેરો ટાળવો તે પણ દુ

લૅભ છે; અને આ સનસારમાં જન્મ પામીને સદ આચરણમાં રહિ વિદ્યા, ધન, રાજ્ય ને યશ સંપાદા કરી સુમાર્ગ, સત્યધર્મને પરમારથમાં એક સંપથી સુદ્ધ ચિત્તવડે પોતાના જન્મનું સારથક (સ્ત્રે) કરવું, ને તેમાં તન, મન, ધનને પ્રાણ પરમેશ્વરને અરપણ કરી તેમની સાથે સનેહ કરવો તે પણ દુર્લભ છે; આ સનસારની ખોટી માયાને જુઠા સબંધીઓની કેફમાં અંધ થઇને આ મારૂ ને બીજુ પરાયુ જાણીને ગર્વ, મોહ, અહંકાર, મોટાઈ, કુટીલતા, કંજુસાઈ, અદેખાઈ ને આપ સ્વારથ રાખી નિરદયપણા વડે જે અધરમી અસુરોને મળતા રહી ખોટી આબરૂ સારૂ આંખ્યો મીચી જગતમાં ન કરવાનું તે કરેને જે કરવાનું છે તેની કાંઈ દરકાર ન રાખતા એવા જે વિમુખ જન સનસારની મહા અંધકાર રૂપી ખાઇમાં પડાછે, તેમને પરમેશ્વરનો પ્રકાશ મળવો એ કરોડો જન્મને ખેટે મહા દુર્લભ છે.

જુઓ આપણે એક માબાપના છોરૂં થઇ રહ્યા છીએ, તેમ છતાં એક બીજાનો સબંધ ન રાખતાં મહા ઝહેરની શેવાળમાં પડી આપણી ખરી ફરજ બજાવી શકતા નથી, તેને માટે આપ સઉ સદગુણ સંપુન સદગ્રસ્થો અને ધર્મીષ્ટ આત્માઓને ભલામણ કરૂં

છું કે તેઓ પોતાના તપ પુનવડે કરી આ સનસાર
માં ધર્મ, રાજ્ય, વિદ્યા, ને ગ્રસ્થ બળ પોમીને
ધર્મ, પરમારથને નીતી સંબંધિમાં લક્ષ આપી
આતુરતા જણાવો તો તમને પરમેશ્વરે જે સુખ બળ
આપી મોટા કર્યા છે તે સુખને લાયક છો; પણ જ્યારે
ધર્મ ડુબેને નીતીનો લોપ થઈ લોકોને અતીસે પીડા
થતી હોય ને કેવળ દુનીઆમાં જુઠા, હરામી, કપટી-
ને નાસતીકો જુલમ વરતાવે ને સત્યનું છેક બીજ
ના રહે, ત્યારે તમારા જે સુખને મોટપણાને નાલાયક
બોજ થઈ પડે, ને તેથી કરી જે હથીઆર પરમેશ્વરે
તમને પોતાના ને સામાના રક્ષણ અર્થે આપેલા તેજ
હથીઆર વડે તમે પોતપોતાના સુખનો નાસને જીવન
આતમાની ગાત કરસોને ચોરાશીનું લગડું માથે લે-
ઈ ફરસો. તેથી કરી ધણીને ત્યાં છેક નીચામાં નીચી
ગતીને પામી તમારા સુખને હસવાને બદલે રડાવસો
માટે અરે ઓ દેવો, રાજાઓ, ગ્રસ્થોને વિદ્વાનો તમારી
આંખ્યો ઉઘાડીને તમારી ફરજ બજાવો. આ દેસને
માટે તો આ વખત આ વાત ધ્યાનમાં લેવી જરૂરછે
ગણી જાતના મતને ગણા જ્ઞાનીના ભેદથી અતીસે
બળ હીનતાને પામી આધાર રહીત થઈ રહાછો.

આર્ય જનોને હિંદુ લોકોનું મુળ શાસ્ત્ર વેદને તેને

અંગે મટશાસ્ત્ર સુત્રને સમરૂતીઓ ઉપનીસદને પુરાણ વિગેરે ને પ્રથમ ધર્મ શીવને ત્યારબાદ વિશ્નુ ધર્મને સનાશીઓ વીગેરે જ્ઞાની માહાતમાઓનું મત બ્રહ્મજ્ઞાન એટલે એક ઇશ્વરજ છે તેવાં આત્મ જ્ઞાનને માને છે. સાધુ પક્ષમાં સંકરાચાર્ય વીગેરે ગોસાંઇ વૈરાગી શકિત ધર્મને માને છે. ને પરમેશ્વર વિશે તેઓ એમ જાણે છે કે સઉને માથે એકજ ધણી છે ને તેઓ એકજ દેસી તેઓમાં મારૂ તારૂ કાંઇ જુદુ સમજતા નહીં ને હાલમાં તો ધર્મ, શાસ્ત્ર, પંથ ને દેવતા એઓની સંખ્યાને ગણતરી રહી નથી, ને તેને કરી સઉ પોતપોતાના મતમાં એક બીજાના વીરૂદ્ધ જુદુંજ દુ માંની બેઠા છે. હવે જોવા જતા એક ઝાડમાંથી ઘણી શાખાઓ પુટેને તેમાં ડાળા પાંદડા, પુલ, ફળ, ન્યારા ન્યારા નામ ધરાવે, પણ તે સઉ એક ઝાડનોજ વીસતાર છે, તેમ પરમેશ્વરની સતામાંથી બધી બાબત નીકળી છે તો બધાયનું મુળ પરમેશ્વરજ છે; ને સઉ આપણે એક બીજાના બંધુ છીએ; તેમ ન જાણતા એક બીજાના વીરોધી થઈ પડાને મારૂ સાચુ ને બીજાનું સાચુ નહી; હવે સાચુ તો જેની સતામાંથી બધુ થયું, તેજ છે; આથી ઘણા વીભાગને કટકા થવાથી, ધર્મ, બળ, સંપ, ને સુખની હાની થઈ, ને સતધર્મને સતરે

ાજ્ઞાની કોઇને જરૂર ના રહી, તેથી સતવસ્તુ દીનપ-
દીન ઢંકાઇને વિસરજન થઈ છે. ને થશે. કોઈ કેહે-
ત કે ઘણા માણસનો એક જથો બરાબર નીયમસર
રહી ન સકે, તેથી તેના વીભાગ કર્યા હોય તો સચ-
વાય, તેના બદલામાં તો એમ થયું કે જથો તુટીને
વીભાગજ રહ્યા. હવે જોવા જઇએ તો હીંદુ લોકોને
વાસ્તે તો ફકત એકજ દેસ છે, ને બીજા એકજ ધર્મને
જ્ઞાતીના લોકોના જથાનાં મોટા ખંડ વસેલા છે. તેમાં
કેમ સચવાતુ હશે, ઇરોપીયન મુસલમાન વી-
ગરે લોકોનો મોટો જથો છે, તેમ છતા તેઓમાં જાજા
વીભાગ નથી. તોજ સંપ રહે છે. ને તેને કરી, બળ-
વાન થઈ રાજનું ને ધનનું સુખ સારી રીતે ભોગવે
છે. અને આ દેસમાં ઘણીએક જ્ઞાતીઓ ને જુદા જુદા
ધર્મને પંથથી ભારે કુસંપ જારી રહે છે. કેમકે જે જ-
ગો ઉપર સરખાપણું છે, ત્યાં થોડો વીખવાદ રહે છે, ને
વતા ઓછા પણાને લીધે વધારે ઈરસા અભીમાન રહેછે.
તમે એમ કદી ધારતા હોસો કે માણસમાં ઉચનીચ પણું
નાના મોટા ધર્મને ઉચીનીચી જ્ઞાતી તે પોતાના કર્મને
પુન્ય વડે પ્રાપત થાય છે, તે કદી એમ હોય તો તેમને
તેમનિ હદ પ્રમાણે રાખવા જેટલુ સામર્થ હોવું
જોઇએ, રાજા બળવાન હોય તોજ રૈયત કબજે રહે.

તેમ પુરૂષ બળવાન હોય તોજ સ્ત્રી કહ્યામાં રહે, તેવીજ રીતે ધર્મને જ્ઞાતીમાં રૂષી અને બ્રાહ્મણો બળવાન હોય તોજ અન્ય જ્ઞાતીના માન્ય કરે, પણ રૂષી બ્રાહ્મણ, રાજા, ને પુરૂષ, તે ધર્મ, ધનને બળહીન હોય તો જરૂર નિચેના લોકો માને નહી, ને કહેકે રાજા છે પણ રાંક જેવો છે, રાજબીજ નથી. પુરૂષ છે પણ રાંડવા જેવો છે, પુરૂષપણું નથી, બ્રાહ્મણ છે પણ બળદના પુછડા આમળે એવો હળખેડ કણબી જેવો છે. બ્રહ્મ બીજ નથી. તેટલા સારૂ રાજાને પોતાની પાસે ઘણું લસકરને ઘણું દ્રવ્ય ને સત્ય કાયદાવડે સાચો ઈનિશાફ કરી પ્રજાનું રક્ષણને પાલણ પોસણ કરતા આવડવું જોઈએ. તોજ રાજા કહેવાયને રૈયત તેમના કબજે રહી આમન્યાને હુકમ માને પુરૂષને સનસારમાં સત્ય રસ્તે ધન સંગ્ર કરી વહેવારની રીતીઓ સાચવિ સ્ત્રી બાળકનિ લાજ આબરૂને દેહનું રક્ષણ કરે તોજ પુરૂષ કહેવાય ને તેથી સ્ત્રી બાળકો કહ્યામાં રહી આજ્ઞામાં વરતે; તેમજ બ્રાહ્મણ પણ પોતાના ખટકર્મમાં રહી સુધ પવિત્ર પણાવડે વરતે ને ધર્મશાસ્ત્ર સબંધિ જ્ઞાન વીધા સંપાદાન કરે તોજ બ્રાહ્મણ કહેવાય, ને અન્ય જ્ઞાતિના લોકો માને ને પુજે માટે હાલમાં આપણા દેસમાં ઉપર કહેલી બાબ-

નો અતિસે ટોટો છે. તેનેજ લીધે કેટલાએક સુખનો
ાસ થયોને થતો જાય છે. ને કળીયુગ દિનપરદીન
ૃલાતો જાય છે. તેને લીધે. અધર્મ, અસત, ઇરસા,
ટ ટોને તોફાનની ઝડો પુટવા લાગી છે. તેથી હજી એ
વિશે વીચાર કરસો તો ઘણું સારૂ છે, કોઇ કહેશે કે
આપણે હવે કેટલા વર્ષ જીવવું છે આગળની વાત આ-
ગળ તો પછી તમે તમારા પાછળ સનસારના સુખ
ચેનની નિસાનિઓ મુકી જસો, તેમને દુઃખ પડસે
તેથી તે તમને કેવો આસરવાદ દેશે. આ સમામાં પુ-
નરપી જન્મ ન થાય તેવી રીતનિ દસામાં રહિ જ્ઞાન
સંપાદાન કરી મોક્ષ જવું તે કરોડોનિ સંખામાં કોઈ
એકનો સંધે પડતો સંભવ રહે તેવો વખત છે. તેટ-
લા સારૂ આ સમામાં જેટલી ધર્મને સંપની બાબતમાં
મેહેનત કરસો તેટલી પાછળવાળાને સુખ કરતા થઇ
પડશે. કેમકે તમને હાલમાં સુધારો કરવાની સવડ
સળશે તેવી તેઓને નહી મળેથી અતિસે પીડીત થઈ
ધર્મ, કર્મ, ને બળથી નસ્ટતાને પામસે. એ ખચીત
જાણી લેવું. આ મારી સ્વધર્મને સ્વઆતમાના સ્વર-
ક્ષણ અર્થે વિનંતી પુરવક અરજ છે. તે માન્ય કરશો.

સતેથી તમને હું પોતાની બીના કહું છું તે
ઉપર તમને ભરૂશો આવેથી ખાતરી થશે.

હું જાતે વૈશ્નુ ધર્મનો આસ્તીક છુ ને અમદાવાદ માં પંચભાઈની પોળમાં મારૂ રેવાનું સ્થળછે. હું વાર સબંધીમાંને સરકાર સબંધી કંઈ ખોટુ કેવા તેવું મારા પ્રાણ બચાવ સારૂ પાણી ને અન શીવાય મારી દેહને સારૂ કોઈ રીતે ખોટુ કહેવરાવી જીરવા કરવા ચાહાતો નથી ને મારા આતમાને જોખમમાં રાખી કોઈતરેહની લાલચ રાખતો નથી તેમ છતા કેટલોએક ભાગ મારા વીરૂધછે તેમને વેવારની વાતે ગેરવાજબી અટકાવ કરી ઈજા આપે છે તે હું સહન કરૂછું તો પણ મારા આતમાનો ઓધાર કરવામાં ને મારો વેવાર ચલાવવામાં તથા વેપાર રોજગારથી મને વીસેસ પરવરતીને દીલગીરી જારી રાખે છે તેટલી ઈજા દયાળુ પરમેશ્વરની કૃપાથી અગર મોટારાજયની સાયથી કે પવિત્ર પરજાથી દુર થશે એવી આશા છે કોઈ પણ ધર્મનો અગર પંથનો તથા જગતના સુખવાળાને એજ વીનંતી.

અમારી સાથે સમાગમ કરનાર પુરૂસોએ, સરકારની અગર વેવારની કસુરથી અમને બચાવી સ્વતંત્ર પણાવડે અમને મળવું, તો અમે મળીશુ, ને તેમને પણ તે કસુરથી બચવું કે જેથી ઇશ્વરી બાબતમાં બાદ ન લાગે એજ અમારા સમાગમનો હેતુ છે.

જાહેર ખબર.

ખરીદદારોની મદદ.

સર્વ હીંદુ ધર્મના લોકો ને વૈશ્નવ ભાઇઓને વિનતી પુર્વક ખબર આપુછુ કે અમારા પુસ્તક સવ વાંચી સકે તેમ કીંમતમાં છે તેથી દરેક જણ ખરીદ કરશે ચાર પુસ્તકની ભેગી કીમત આના ૧૨ બાર છે ને તે ચાર જુદા જુદા વીસય છે તેમાં હ-સતામળ નામના પુસ્તકમાં બ્રહ્મજ્ઞાનની સ્થીતી બતાવેલી છે બી-જામાં અદ્‌ભૂત પ્રશ્નોત્તર તેમાં પરમેશ્વરે જગત ને સૃષ્ટીની રચના કેવી રીતે કરી તે વીસય છે ને ત્રીજામાં પ્રેમભકતી ગોપીઓએ કરી તેવી ઓધવગીતા છે ને ચોથામાં હીદુસ્તાનમાં હીદુ ધર્મને સાહનારની આગ્રતા વીસે વીનતી તરીકે ભલામણ કીધેલી છે.

પેહેલાની કીમત પાંચ આના બીજાની ૪ આના ત્રીજાની ૨ ને ચોથાની ૧ આનો આથી કોઇને લેવાની ખાયસ હસે ને તેની કીમતનો બોજ ભારે લાગશે ને તેટલી સકતી નહી હોય તો તેની મરજી મુજબ પઇસા લેઈ તેમને આપીસું પણ એ પુસ્તક પોતાની સકતી મુજબ ખરીદ કરવા એ અમારી સવ ભાઇઓને ભલામણ છે અમારા પુસ્તક એક વખત ખરીદ કરસો તો તે અમને મોટી મદદ થઈ પડસે અમારો આધાર તે ઉપરજ છે એજ અરજ.